RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૮૮તા.૨૦–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી પ્રશ્ન નં.૧ મુદ્દા નં.(૧)હનુમાન ચાર રસ્તા નજીક,ડો.ચાંદભાઈની ગલીમાં,પાશ્વનાર્થ એપાર્ટમેન્ટની સામે ગલીમાં,હનુમાન ચાર રસ્તા,નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં.,પ્લોટ નં. આપવો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી, પ્રશ્ન નં.ર મુદ્દા નં.(૧) લક્ષ્મી ભુવનની સામે, સ્ટાર ઈલેકટ્રોનીકની દુકાનની બાજુમાં, હનુમાન ચાર રસ્તા સુભાષ ચોકની વચ્ચે નજીક, ગોપીપુરા મેઈન રોડ,નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૮૮/૨૦૧૧–૧૨

શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી પ્રશ્ન નં.૧ મુદ્દા નં. (૧) હનુમાન ચાર રસ્તા, ડો.ચાંદભાઈની ગલીમાં,પાશ્વનાર્થ એપાર્ટમેન્ટની સામે ગલીમાં, હનુમાન ચાર રસ્તા, નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં.,પ્લોટ નં. આપવો ? વિ.મુદ્દા નં.(૧) થી (૧૪)ની માહિતી, પ્રશ્ન નં.ર મુદ્દા નં.(૧) લક્ષ્મી ભુવનની સામે, સ્ટાર ઈલેકટ્રોનીકની દુકાનની બાજુમાં, હનુમાન ચાર રસ્તા સુભાષ ચોકની વચ્ચે નજીક, ગોપીપુરા મેઈન રોડ,નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૧૬૪૨ તા. ૦૩–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. .

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ માહિતી અરજદારે જણાવેલ સ્થળ સ્થિતિ આધારે પ્લાન મંજુરી દફતરેથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે કે કેમ? તે સ્પષ્ટ કરવા તેમજ અરજદારને રજૂ કરવા જણાવેલ વિગતો ટીપી સ્કીમ નંબર કે ફાયનલ પ્લોટ નંબર તેઓ કયા સ્ત્રોતથી મેળવી રજૂ કરી શકે તે પણ જણાવવા સાથે માહિતીની દફતરી હકીકત સ્પષ્ટ કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૪૫ તા.૩૦–૧૨–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારનેબાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ અરજદારને પાઠવેલ તા.૩–૨–૧૨ ના પત્રની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૭–૧–૧૨ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી હનુમાન ચાર રસ્તા, ડો.ચાંદભાઈની ગલીમાં,પાશ્વનાર્થ એપાર્ટમેન્ટની સામે ગલીમાં, હનુમાન ચાર રસ્તા, નવુ બાંધવામાં આવી રહેલ બાંધકામ બાબતની પ્રશ્ન નં.૧ થીર ની મુદ્દા નં.૧ થી ૧૪ મુદ્દા ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. જે વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આ.નં.૭૫૭ તા.૧૨–૧૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને નિયત

સમય અવધિમાં અરજી તબદીલ કરવામાં આવેલ. જે બાબતે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં. ૧૬૪૨ તા.૩–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ છે.

જેમાં વિભાગ–૧ ના મુદ્દા નં. (૧) હનુમાન ચાર રસ્તા, ડો.ચાંદભાઈની ગલીમાં,પાશ્વનાર્થ એપાર્ટમેન્ટની સામે ગલીમાં, હનુમાન ચાર રસ્તા, નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં.,પ્લોટ નં. આપવો ?અનુ.નં.૨ આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? અનુ.નં.૩ બંગલા,ફ્લેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફ્લેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? અનુ.નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? અનુ.નં.૫ ચાલુ બાંધકામ દરમિયાન રોડનું ખોદાણ કરી કઈ લાઈન લેવામાં આવી હતી? રોડ બનાવવાની જીમ્મેદારી કોની બને? અનુ.નં. ૬ પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝિટનો રેકર્ડ ફોર્મ ની રેકર્ડ કોપી આપવી? અનુ.નં.૭ બી.યુ.સી. આપવામાં આવ્યું છે? બી.યુ.સી. ન લેવામાં આવે તો તેવા સંજોગો માં એ બાંધકામ ગર્વમેન્ટ ના કયા કયા લાભ ન મળે? અનુ.નં.૮ ગટર ના તથા પાણી ના કનેકશન આપવામાં આવેલ છે? અનુ.નં.૯ સ્લેબનો લેબ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે? કઈ લેબોરેટરીમાં? અને રીપોર્ટ શું આવ્યો? અનુ.નં.૧૦ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અને સરનામા આપવા? અનુ.નં.૧૧ કામ અટકાવવામાં આવેલ છે? અનુ.નં.૧૨ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું?અનુ.નં.૧૩ આગળ પાછળ માર્જીનની જગ્યા શા માટે છોડવામાં નથી આવી? અનુ.નં.૧૪ હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવી?

વિભાગ–૨ ના મુદ્દા નં.(૧) લક્ષ્મી ભુવનની સામે, સ્ટાર ઈલેકટ્રોનીકની દુકાનની બાજુમાં, હનુમાન ચાર રસ્તા સુભાષ ચોકની વચ્ચે નજીક, ગોપીપુરા મેઈન રોડ,નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? ?અનુ.નં.૨ આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? અનુ.નં.૩ બંગલા,ફ્લેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફ્લેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? અનુ.નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? અનુ.નં.૫ ચાલુ બાંધકામ દરમિયાન રોડનું ખોદાણ કરી કઈ લાઈન લેવામાં આવી હતી? રોડ બનાવવાની જીમ્મેદારી કોની બને? અનુ.નં. ૬ પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝિટનો રેકર્ડ ફોર્મ ની રેકર્ડ કોપી આપવી? અનુ.નં.૭ બી.યુ.સી. આપવામાં આવ્યું છે? બી.યુ.સી. ન લેવામાં આવે તો તેવા સંજોગો માં એ બાંધકામ ગર્વમેન્ટ ના કયા કયા લાભ ન મળે? અનુ.નં.૮ ગટર ના તથા પાણી ના કનેકશન આપવામાં આવેલ છે? અનુ.નં.૯ સ્લેબનો લેબ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે? કઈ લેબોરેટરીમાં? અને રીપોર્ટ શું આવ્યો? અનુ.નં.૧૦ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અને સરનામા આપવા? અનુ.નં.૧૧ કામ અટકાવવામાં આવેલ છે? અનુ.નં.૧૨ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું?અનુ.નં.૧૩ આગળ પાછળ માર્જીનની જગ્યા શા માટે છોડવામાં નથી આવી? અનુ.નં.૧૪ હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવી?

તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વિભાગ–૧ થી ૨ માં જણાવેલ મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૪૨ તા.૩–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની રહેતી હોઈ ચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી માંગ્યા મુજબની વિગતો આપવામાં આવશે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલ તબકકે રાંદેર ઝોનને તેમના ધ્વારા પુરે પુરુ નામ–સરનામુ આપવા છતાં અમને અમારો જવાબ આપવામાં આવ્યો નથી. અને અમારા સવાલની સામે અમોને સવાલ કર્યો (પોસ્ટ ઓફિસ, ફાયર , એમ્બ્યુલન્સ, ટેલીફોન,આરટીઓ એવી ઘણી અન્ય સરકારી સેવા જે એડ્રેસનાં આધારે ચાલ ે છે તે એડ્રેસને અમારા ધ્વારા થઈ શકે એટલું સહેલાઈ થી મળી શકે એ રીતે આપવામાં આવ્યું છતાં પણ અમને દિવસો વીત્યા બાદ વાડી તોડીને અમને સવાલ કરવામાં આવ્યો) શું દર્શાવેલી દરેક સરકારી સંસ્થાઓમાં દરેક જગ્યાએ શું ટી.પી. નંબર સર્વે નંબર, સીટ નંબર લીધા બાદ જ કાર્ય કરવામાં આવે છે. શું આરટી.આઈ –૨૦૦૫ મુજબ એવી કોઈ ચોકકસ વ્યાખ્યા કરવામાં આવી છે કે અધિકારી ધ્વારા જે જવાબ આપવામાં આવ્યો છે. જો આ અધિકારીઓ ને સ્થળ ન મળતુ હોય તો અમે જાતે તમારી સાથે આવીને સ્થળ બતાવવા તૈયાર છીએ જેથી અમોને જવાબ મળવા પાત્ર છે.તેવી રજૂઆત કરેલ છે.તેવું જણાવી અરજદારે તા.૨૦–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. ત્યાર બાદ અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૪૫ તા.૩૦–૧૨–૧૧ થી બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ

કરવા પત્ર પાઠવવામાં આવેલ.જે અંગે અરજદારે તા.૭–૧–૧૨ ના પત્રથી બાંધકામ સ્થળે ડીસ્પ્લે બોર્ડ મુકવામાં આવ્યા નથી મહાનગરપાલિકાના અધિકારી તરફથી સમજાવવા પ્રયત્ન કરવામાં આવેલ નથી કે લેટર લખી સ્પષ્ટતા કરવા બોલવવામાં આવેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૧૯ તા.૨–૧૨–૧૧ થી તે અંગે પત્ર લખી સ્પષ્ટતા માંગેલ છે.

વધુમાં અરજદારે અપીલમાં અધિકારીને સ્થળ ન મળતું હોય તો જાતે સ્થળ ઉપર બતાવવા તૈયાર છીએ તેવી રજૂઆત આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) સાથે સુસંગત નથી. વધુમાં અરજદાર ધ્વારા પણ સીટી સર્વે કચેરી કે આકારણી દફતર અથવા ટીપી યોજના દફતર ના માધ્યમો ધ્વારા માહિતી મેળવી જાહેર માહિતી અધિકારીએ આપવા પ્રયત્ન કરેલ જણાતો નથી. જાહેર માહિતી અધિકારીએ પણ અરજદારે જણાવેલ સરનામાના આધારે મિલ્કતોની આકારણી દફતરે નોંધ નંબર હોય તે પરથી મિલ્કતના પ્લોટની શકય હોય તો ઓળખ કરી માહિતી આપવા પ્રયત્ન કરી શકાય પરંતુ તેવો કોઈ પ્રયત્ન જાહેર માહિતી અધિકારી તરફથી પણ થયેલ જણાતો નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કતની ઓળખ બાબતની વિગતો પુરી પાડયેથી માહિતી આપવા તૈયારી દર્શાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ આકારણી દફતરે ઉપલબ્ધ નોંધ નંબર કે અન્ય ઓળખની વિગત આધારે અરજદારે જણાવેલ મિલ્કતની ઓળખ સુનિશ્ચિત થઈ શકતી હોય તો તેના દફતરી રેકર્ડ પરથી નોંધ નંબર કે સીટી સર્વે નંબરો જો હોય અને તે આધારે માંગેલ માહિતી દફતરી રેકર્ડ અનુસાર આપી શકાય તેમ હોય તો દિન–૧૫ ની અવધિમાં આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયત–૫ હેઠળ લાગુ કિસ્સામાં દસ્તાવેજી ફી ભરપાઈ કરવાની રીતે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અને તેમ ન થઈ શકે તેમ હોય તો જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનનો પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૬૪૨ તા.૩–૧૨–૧૧ ના પત્રથી અરજદારને સુચિત કરવામાં આવેલ બાબત યથાવત રહેવા પામે છે તે મતલબની વિગતો અરજદારને અત્રેની જાણ હેઠળ પુનઃ અવગત કરાવવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા